स्वर्ण जयंती 50
1965 2015
Veer Narmad South Gujarat University, Surat
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨૩–૧–૨૦૧૭**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા.૨૩–૧–૨૦૧૭ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

**: <u>કાર્યવાહી</u> :**

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા.૨૩–૧–૨૦૧૭** |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | ગેરહાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૬–૧૨–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૬–૧૨–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવી.**

૨. યુનિવર્સિટીના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોના હિસાબો તૈયાર કરવાની કામગીરી કેન્દ્રીય ધોરણે કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોના હિસાબો તૈયાર કરવાની કામગીરી દરેક વિભાગમાં આવક જાવકના હેડસમાં સંપૂર્ણ એકરૂપતા રહે તે રીતે હિસાબો TALLY માં તૈયાર કરાવવા અને તે માટે કોઈપણ વિભાગે કોઈ મહેનતાણું ચૂકવવું નહીં તથા યુનિવર્સિટી દ્વારા વખતોવખત નિયુકત થતા ઓડિટર પાસે ઓડિટ કરાવવા.**

૩. યુનિવર્સિટીના અનુસ્નાતકના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૭–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડો.પંકજસિંહ બી. ઠાકોર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૬–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડો.રૂસ્તમ ડી. મોરેના, એકવેટીક બાયોલોજી વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૪–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલ ડો.નૈમી ચંદ ઉજ્જૈનીયા અને અર્થશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૧–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલ ડો.ગૌરાંગ ડો.રામીના કિસ્સામાં તેઓની નિમણૂંકની તારીખથી તેઓને રાજય સરકારશ્રીની આખરી મંજૂરીને આધિન એસોસીયેટ પ્રોફેસર તરીકે પદનામિત કરવામાં આવેલ હતાં, તેમજ તેઓનો રીડર તરીકે નિમણૂંક પામ્યા તારીખથી એસેસમેન્ટ પિરીયડ ગણી સિન્ડિકેટ તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ અનુસાર પ્રોફેસર તરીકે બઢતી આપવામાં આવેલ હતી. જે સંદર્ભે યુજીસીના પત્ર ક્રમાંકઃ૩–૨/૨૦૦૯ (પીએસ) તા.૪–૮–૨૦૧૫ના અનુસંધાને યુનિવર્સિટી ધ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ખાતે માર્ગદર્શન મેળવતાં તેઓએ તેમના તા.૨૪–૬–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃOW/ISC-7/S.U./રીડર/૨૦૧૬/ ૨૦૧૮૨થી કરેલ સૂચન મુજબ તા.૧–૧–૨૦૦૬થી સીધી ભરતીથી રીડર તરીકે નિમણૂંક પામેલ શિક્ષકોના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ જ એસોસીયેટ પ્રોફેસર તરીકે લાભ આપી શકાય જે અંગેના પત્ર પર સિન્ડિકેટ તા.૦૭–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક(૧૧)થી નિમવામાં આવેલ કમિટિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૭–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડો.પંકજસિંહ બી. ઠાકોર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૬–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડો.રૂસ્તમ ડી. મોરેના, એકવેટીક બાયોલોજી વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૪–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલ ડો.નૈમી ચંદ ઉજ્જૈનીયા અને અર્થશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૧–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલડો.ગૌરાંગ ડો.રામીના કિસ્સામાં તેઓની નિમણૂંકની તારીખથી તેઓને રાજય સરકારશ્રીની આખરી મંજૂરીને આધિન એસોસીયેટ પ્રોફેસર તરીકે પદનામિત કરવામાં આવેલ હતાં, તેમજ તેઓનો રીડર તરીકે નિમણૂંક પામ્યા તારીખથી એસેસમેન્ટ પિરીયડ ગણી સિન્ડિકેટ તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ અનુસાર પ્રોફેસર તરીકે બઢતી આપવામાં આવેલ હતી. જે સંદર્ભે યુજીસીના પત્ર ક્રમાંકઃ ૩–૨/ ૨૦૦૯ (પીએસ) તા.૪–૮–૨૦૧૫ના અનુસંધાને યુનિવર્સિટી ધ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ખાતે માર્ગદર્શન મેળવતાં તેઓએ તેમના તા.૨૪–૬–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃOW/ISC-7/S.U./રીડર/ ૨૦૧૬/ ૨૦૧૮૨થી કરેલ સૂચન મુજબ તા.૧–૧–૨૦૦૬થી સીધી ભરતીથી રીડર તરીકે નિમણૂંક પામેલ શિક્ષકોના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ જ એસોસીયેટ પ્રોફેસર તરીકે લાભ આપી શકાય જે અંગેના પત્ર પર સિન્ડિકેટ તા.૦૭–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧)થી નિમવામાં આવેલ કમિટિના અહેવાલનો મુદ્દાઓનો સમાવેશ કરી રાજય સરકારને પત્ર લખી આ તમામ કેસમાં પુનઃ વિચારણા કરવા ભલામણ કરવી.**

૪. યુનિવર્સિટીના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓનાં પ્રોવિડંડ ફંડ માટે **NPS** યોજના લાગુ પાડવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતિ દ્વારા રજૂ કરેલ અહેવાલ અંતર્ગત તા.૦૬/૦૮/૨૦૧૬ની સભાના નાણાં સમિતિના ઠરાવ ક્રમાંક : ૬ તથા સિન્ડિકેટની તા.૧૦–૧૧–૨૦૧૬ ના સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે યુનિવર્સિટીના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં જે તે શૈક્ષણિક કર્મચારીઓને રેગ્યૂલર શિક્ષકની જેમ જ ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા વર્ષથી બેઝિક ના ૧૦% યુનિવર્સિટી ફાળો ઉમેરીને નિયામાનુસાર આ સાથે સામેલ **NPS** યોજના લાગુ પાડવાનું ઠરાવેલ છે જે સંદર્ભે સિન્ડિકેટના ઠરાવ અનુસાર સુધારેલ **NPS** યોજના પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓનાં પ્રોવિડંડ ફંડ માટે NPS યોજના લાગુ પાડવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતિ દ્વારા રજૂ કરેલ અહેવાલ અંતર્ગત તા.૦૬/૦૮/ ૨૦૧૬ની સભાના નાણાં સમિતિના ઠરાવ ક્રમાંકઃ૬ તથા સિન્ડિકેટની તા.૧૦–૧૧– ૨૦૧૬ના સભાના ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે યુનિવર્સિટીના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં જે તે શૈક્ષણિક કર્મચારીઓને રેગ્યૂલર શિક્ષકની જેમ જ ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા વર્ષથી બેઝિકના ૧૦% યુનિવર્સિટી ફાળો ઉમેરીને નિયામાનુસાર આ સાથે સામેલ NPS યોજના લાગુ પાડવાનું ઠરાવેલ છે જે સંદર્ભે સિન્ડિકેટના ઠરાવ અનુસાર સુધારેલ NPS યોજના અન્વયે સમિતિનો અહેવાલ સુધારા વધારા સાથે સ્વીકારવો તથા કુલ જમા રકમના ૭૫% થી વધુનો ઉપાડ આપવો નહીં.**

**(પરિશિષ્ટ : " ક ")**

૫. સને ૨૦૧૭–૧૮ના વર્ષમાં યુનિવર્સિટી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો/સેમીનાર/કોન્ફરન્સ વગેરેની ભોજન વ્યવસ્થા અંગે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૭–૧૮ના વર્ષમાં યુનિવર્સિટી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો/સેમીનાર/કોન્ફરન્સ વગેરેની ભોજન વ્યવસ્થા અંગે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરવા.**

૬. જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. સુરતનાં આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાનો તા.૧૯/૧૧/૨૦૧૬ પત્ર ક્રમાંકઃ૪૨૪/૪૨૫/૨૦૧૬નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંકઃ ૬, ૭, ૮ ઉપર વિચારણા કરવા માટે પત્રો અગાઉ રચાયેલ એકેડેમિક કમિટીને સોપવું.**

૭. જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. સુરતનાં આચાર્યશ્રી ર્ડા.કે.એન. ચાવડાનો તા.૧૯/૧૧/૨૦૧૬ પત્ર ક્રમાંકઃ૪૨૬/૨૦૧૬નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

**:: બાબત ક્રમાંક : ૬ મુજબ.**

૮. જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. સુરતનાં આચાર્યશ્રી ર્ડા.કે.એન. ચાવડાનો તા.૧૮/૧૧/૨૦૧૬ પત્ર ક્રમાંકઃ૪૨૮/૨૦૧૬નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

**:: બાબત ક્રમાંક : ૬ મુજબ.**

૯. નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરૂચનાં આચાર્યશ્રી ડૉ.એ. કે. સિંઘનો તા.૨૫/૧૦/ ૨૦૧૬ ક્રમાંક : **BBA/13/2016**નો પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરૂચનાં આચાર્યશ્રી ડૉ.એ. કે. સિંઘનો તા.૨૫/૧૦/ ૨૦૧૬ ક્રમાંક : BBA/13/2016ના પત્ર ઉપર નીચે મુજબની સમિતિની નિયુકિત કરવી.**

**(૧) આચાર્ય ડૉ. વિપીનભાઈ ડી. નાયક**
**(૨) આચાર્ય ડૉ. પંકજભાઈ એસ. દેસાઈ**
**(૩) આચાર્ય ડૉ. વિજયભાઈ એ. જોષી**
**(૪) ડૉ. સ્નેહલ જોષી**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં લેવાતી ફીની માહિતી મંગાવી સંકલિત માહિતી આ સમિતિ સમક્ષ રજૂ કરવી અને સમિતિ પાસે અહેવાલ મંગાવવો.**

૧૦. સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૯નો અમલ કરવા તા.૦૭/૧૧/૨૦૧૬ ક્રમાંકઃ અકે/પ્રવેશ સમિતિ/૧૯૧૩૨/૨૦૧૬થી કેન્દ્રિય પ્રવેશ સમિતિને મોકલવામાં આવેલ જે અંગે બી.એસસી. કેન્દ્રિય પ્રવેશ સમિતિએ તેની તા.૦૨–૧૨–૨૦૧૬ની સભામાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>બી.એસસી. કેન્દ્રિય પ્રવેશ સમિતિની તા.૦૨–૧૨–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧</u>**

:: યુનિવર્સિટીના પત્રક્રમાંકઃ એકે/પ્રવેશસમિતિ/ ૧૯૧૩૨/૨૦૧૬ તા.૦૭/૧૧/૨૦૧૬ અન્વયે કોઈ કાર્યવાહી કરવાની થતી નથી કારણ કે સમિતિએ પોતાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરેલ છે. સમિતિનો અનુભવને આધારે બંધાયેલ મંતવ્ય મુજબ સિન્ડિકેટના ઠરાવો યથાસ્વરૂપે અમલ કરવાથી પ્રવેશ પ્રક્રિયામાં ક્ષતિઓ રહી જવાનો સંભવ રહેલ છે.

(શૈક્ષણિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. કેન્દ્રિય પ્રવેશ સમિતિની તા.૨–૧૨–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧ ની નોંધ લેવી અને વર્ષઃ ૨૦૧૭–૧૮ માટે આ પ્રોગ્રામ માટે રચાનાર કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિને આ અહેવાલ મોકલી આપવો.**

૧૧. યુનિવર્સિટી સંલગ્ન ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી, ઉધના, સુરતનું નીચે દર્શાવેલ વિગતે સદર કોલેજનું નવું નામકરણ નીચે મુજબ કરવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીશ્રીએ તેમના તા.૩–૧૨–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ **UAET/165/2016-17** થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું જૂનું નામ | કોલેજનું નવું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|---|
| ૧. | ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી | ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેશ એડ્મીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈટી | બી.કોમ.<br>બી.બી.એ.<br>બી.સી.એ.<br>(સ્વનિર્ભર) |

**(નોંધ :** (૧) સદરહું સંસ્થાએ કોલેજનું નામ બદલવા માટે જરૂરી ફીની રકમ રૂા.૨૫,૦૦૦/– નો ચેક યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં જમા કરાવ્યો છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી, ઉધના, સુરતનું ઉપરોકત દર્શાવેલ વિગતે સદર કોલેજનું નવું નામકરણ નીચે મુજબ કરવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીશ્રીએ તેમના તા.૩–૧૨–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ UAET/165/2016-17 થી કરેલ વિનંતીનો સ્વીકાર કરવો.**

| ક્રમ | કોલેજનું જૂનું નામ | કોલેજનું નવું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|---|
| ૧ | **ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી** | **ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેશ એડ્મીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈટી** | **બી.કોમ.<br>બી.બી.એ.<br>બી.સી.એ.<br>(સ્વનિર્ભર)** |

૧૨. યુનિવર્સિટી સ્ટેટયુટ–૧૭(૩) ના પાઠની અંદર દાન રૂા.૫,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમનું આપનાર દાતાનું નામ દાતાઓની યાદીમાં સામેલ કરવા અંગેનો સુધારો હાલ મંજૂર કરવામાં આવ્યો છે. તે મુજબ યુનિવર્સિટી **Act 16 (1) A Class-II (C)** નો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે અંગે સેનેટને ભલામણ કરવા વિચારણા કરવા બાબત.

**<u>સુચિત Act 16 (1) A Class-II (C) નો પાઠ :</u>**

(C) Two members to be elected by the donors in the manner specified below from amongst themselves each donating money or property of the value of not less than **<u>five lac</u>** of rupees to, or for the purposes of, the University : If the donor is an individual, for the purpose of voting, the name of each such donor shall be enrolled on the register maintained by the University;

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેટયુટ–૧૭(૩)ના પાઠની અંદર દાન રૂા.૫,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમનું આપનાર દાતાનું નામ દાતાઓની યાદીમાં સામેલ કરવા અંગેનો સુધારો હાલ મંજૂર કરવામાં આવ્યો છે. તે મુજબ યુનિવર્સિટી Act 16 (1) A Class-II (C) નો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે અંગે સેનેટને ભલામણ કરવી તથા પ્રસ્તુત એકટ આચાર્ય ડૉ.વિ.ડી.નાયક પાસે રજૂ (Move) કરાવવો.**

**<u>સુચિત Act 16 (1) A Class-II (C) નો પાઠ :</u>**

**(C) Two members to be elected by the donors in the manner specified below from amongst themselves each donating money or property of the value of not less than an amount specified in relevant Statute to, or for the purposes of, the University : If the donor is an individual, for the purpose of voting, the name of each such donor shall be enrolled on the register maintained by the University;**

૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા બેચલર ઓફ ફાઈન આર્ટ્સનો કોર્ષ કાર્યરત છે. જેમાં ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીનો હિસાબ લખવાની અને ઓડિટ કરવાની કામગીરી ભવદીપભાઈ કરતા હતા. પરંતુ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના હિસાબોની કામગીરી તે કરી શકે તેમ નથી તેથી નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના હિસાબો લખવા અને ઓડિટની કામગીરી આગળ વધારવા શ્રી વિવેક પી. શાહને આ કામગીરી સોંપવા માટે અને ફી તરીકે રૂા.૪,૦૦૦/– પ્રતિ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ પ્રમાણે રૂા.૮,૦૦૦/–ની ચૂકવણી બેચલર ઓફ ફાઈન આર્ટસના સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી કરવામાં આવે તે માટે વિચારણા કરવા બાબત.

(ફાઈન આર્ટસ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા બેચલર ઓફ ફાઈન આર્ટ્સનો કોર્ષ કાર્યરત છે. જેમાં ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીનો હિસાબ લખવાની અને ઓડિટ કરવાની કામગીરી ભવદીપભાઈ કરતા હતા પરંતુ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના હિસાબોની કામગીરી તે કરી શકે તેમ નથી તેથી નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના હિસાબો લખવા અને ઓડિટની કામગીરી આગળ વધારવા શ્રી વિવેક પી. શાહને આ કામગીરી સોંપવા માટે અને ફી તરીકે રૂા.૪,૦૦૦/– પ્રતિ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ પ્રમાણે રૂા.૮,૦૦૦/–ની ચૂકવણી બેચલર ઓફ ફાઈન આર્ટસના સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી કરવામાં આવે તે માટે બાબત ક્રમાંકઃ (૨) માં ઠરાવ્યા મુજબ કાર્યવાહી કરવી.**

૧૪. આગામી વર્ષ ૨૦૧૭થી યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાએ કરવામાં આવતા તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પ્રવેશોમાં ઈન્ટર્નશીપ કર્યા બાદ પ્રવેશની સમય અવધિની મર્યાદા સબંધિત નિયમ **1.11** રદ કરવા તથા **SC/ST** ની પ્રવેશની જે તે કેટેગરીની ન ભરાયેલ બેઠકો અરસ પરસની કેટેગરીમાંથી ભરવાની રાજય સરકારની માર્ગદર્શિકાનો અમલ કરવા **7.3.a** તરીકે પ્રવર્તમાન રૂલ્સમાં આમેજ કરવાની નોંધ લેવા સારું.

(૧) યુનિવર્સિટી સિન્ડિકેટ તા.૧૪–૫–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૩૫ અન્વયે ઈન્ટર્નશીપ પૂર્ણ થયેથી ૪ વર્ષ સુધી જ પ્રવેશ પાત્રતાની જોગવાઈ રદ કરાયેલ હોય :–

**1.11 Candidate who has successfully completed MBBS programme with Internship as per guideline of Medical Council of India on 31st March of academic year for which he/she applies.**

(૨) યુ.જી.સી.ના તા.૨૫–૮–૨૦૦૬ના પત્ર ક્રમાંક : એફ.–૧–૫/૨૦૦૬ (એસ.ટી.સી.) થી અનામત નીતિ અંગેની ગાઈડ લાઈન સંદર્ભે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, નવી દિલ્હીના તા.૨૨–૮–૨૦૧૬ના પત્ર ક્રમાંક : **NCSC/ ABAD/G/25/ESDW-2016** તથા ગુજરાત રાજય સરકારશ્રીના ઉચ્ચ કમિશ્નર કચેરી, ગાંધીનગરના તા.૨૩–૮–૨૦૧૬ના પત્ર ક્રમાંક : **CHE/ISC-7**/યુનિ/૨૦૧૬ થી જુદા જુદા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં વખતોવખતની અનામત નીતિ અંગેની વિગતવાર સૂચનાઓનું પાલન ચુસ્તપણે કરવા જણાવેલ હોય તથા અનુસૂચિત જાતિ / જનજાતિના ઉમેદવારો નિયત પ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો અરસ–પરસની જે કેટેગરીમાં જગ્યા ખાલી હોય તેમાં અરસ–પરસ પ્રવેશ આપવા :–

**7.3.a After completion of the admission process of reserve category (SC-ST), if seat/s is/are remain vacant of SC/ST category the said vacant seat/s be transfer to ST/SC category interchangely after transfer the ST/SC seat, if seat/s is/are remaining vacant the said seat/s is/are be transfer to open category.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી વર્ષ ૨૦૧૭થી યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાએ કરવામાં આવતા તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પ્રવેશોમાં ઈન્ટર્નશીપ કર્યા બાદ પ્રવેશની સમય અવધિની મર્યાદા સબંધિત નિયમ 1.11 રદ કરવા તથા SC/STની પ્રવેશની જે તે કેટેગરીની ન ભરાયેલ બેઠકો અરસ પરસની કેટેગરીમાંથી ભરવાની રાજય સરકારની માર્ગદર્શિકાનો અમલ કરવા 7.3.a તરીકે પ્રવર્તમાન રૂલ્સ યથાવત મંજૂર કરવો.**

૧૫. સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) માં ચાલતા તબીબી વિદ્યાશાખાના વિવિધ અનુસ્નાતક વિષયોમાં એન.આર.આઈ. /મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ કાર્યવાહી સંદર્ભમાં ડીનશ્રી સ્મીમેરના તા.૭–૧૨–૨૦૧૬ ના પત્રક્રમાંક : સ્મીમેર/૩૨૭૮ થી ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ અધિનિયમ ૨૦૦૭, ગુજરાત એકટ–૩ સને ૨૦૦૮માં **GUJARAT ORDINANCE NO.2 OF 2016 AN ORDINANCE** માં જરૂરી એમેડમેન્ટ કરી ગેઝેટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ **SCA NO.9915/2016** તેમજ અન્યોના કિસ્સામાં આવેલ કોર્ટ હુકમ મુજબ ૧૫ % બેઠકો બોનાફાઈડ એન.આર.આઈ. કેટેગરીના વિદ્યાર્થીઓથી ભરવા તેમજ ૧૦ % મેનેજમેન્ટ કવોટા રાખવાની જોગવાઈ મુજબનું સીટ મેટ્રીકસ (ડીસ્ટ્રીબ્યુશન ઓફ સીટસ) કે જે સિન્ડિકેટની તા.૫–૨–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : ૨૯ થી મંજૂર કરેલ હોય તેમાં ૧૦ % મેનેજમેન્ટ કવોટાની બેઠકો સાથેનું સીટ ડીસ્ટ્રીબ્યુશન મંજૂર કરવા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી કરવાની વિનંતી સંદર્ભમાં મા.કુલપતિશ્રી નિયુકત સમિતિ દ્વારા તેમની તા.૧૯–૧૨–૨૦૧૬ની કોલેજની મુલાકાત બાદ નીચે મુજબ ભલામણ કરેલ હોય, જે ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) મેડીકલ કોલેજ સ્મીમેર ખાતેથી સબ્મીટ કરવામાં આવેલ વિવિધ બ્રાંચીસનું "ડીસ્ટ્રીબ્યુશન ઓફ સીટ્સ" મંજૂર કરવા ભલામણ છે.

(૨) ભવિષ્યમાં હયાત બેઠકોમાં જો વધારો થાય તો તે મુજબ "ડીસ્ટ્રીબ્યુશન ઓફ સીટ્સ" તે મુજબના ફેરફાર મંજૂર રાખવા.

(૩) એન. આર. આઈ. બેઠકો બોનાફાઈડ એન. આર. આઈ. કેટેગરીના વિદ્યાર્થીઓથી ભરવી.

(૪) એન. આર. આઈ. કેટેગરીની ખાલી રહેલ બેઠકો મેનેજમેન્ટ કવોટાથી ભરવાની રહેશે અને મેનેજમેન્ટ કવોટાની ખાલી રહેતી બેઠકો યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમોને આધિન યુનિવર્સિટી કોમન કાઉન્સેલીંગની પ્રક્રિયામાં સરન્ડર કરવી.

(૫) એન.આર.આઈ. કવોટા તેમજ મેનેજમેન્ટ કવોટાની બેઠકો જે તે વર્ષની **NATIONAL ELIGIBILITY ENTRANCE TEST (NEET)** પરીક્ષામાં મેળવેલ કવોલીફાઈડ માર્કસના મેરીટના આધારે ભરવાની રહેશે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) માં ચાલતા તબીબી વિદ્યાશાખાના વિવિધ અનુસ્નાતક વિષયોમાં એન.આર.આઈ./મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ કાર્યવાહી સંદર્ભમાં ડીનશ્રી સ્મીમેરના તા.૭–૧૨–૨૦૧૬ ના પત્રક્રમાંક : સ્મીમેર/૩૨૭૮ થી ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ અધિનિયમ ૨૦૦૭, ગુજરાત એકટ–૩ સને ૨૦૦૮માં GUJARAT ORDINANCE NO.2 OF 2016 AN ORDINANCE માં જરૂરી એમેડમેન્ટ કરી ગેઝેટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.9915/2016 તેમજ અન્યોના કિસ્સામાં આવેલ કોર્ટ હુકમ મુજબ ૧૫ % બેઠકો બોનાફાઈડ એન.આર.આઈ. કેટેગરીના વિદ્યાર્થીઓથી ભરવા તેમજ ૧૦ % મેનેજમેન્ટ કવોટા રાખવાની જોગવાઈ મુજબનું સીટ મેટ્રીકસ (ડીસ્ટ્રીબ્યુશન ઓફ સીટસ) કે જે સિન્ડિકેટની તા.૫–૨–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : ૨૯ થી મંજૂર કરેલ હોય તેમાં ૧૦ % મેનેજમેન્ટ કવોટાની બેઠકો સાથેનું સીટ ડીસ્ટ્રીબ્યુશન મંજૂર કરવા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી કરવાની વિનંતી સંદર્ભમાં મા.કુલપતિશ્રી નિયુકત સમિતિ દ્વારા તેમની તા.૧૯–૧૨–૨૦૧૬ની કોલેજની મુલાકાત બાદ ઉપરોકત મુજબ કરેલ ભલામણને યથાવત મંજૂર કરવી.**

**૧૬. એજ્યુકેશન ઓફીસર, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના તા.૯/૧૨/૨૦૧૬ના રોજના પત્રાંકઃ D.O.No.1-3/2007(CPP-II) થી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ ફી પરત કરવા અને અન્ય બાબતો અંગેનું આયોગની વેબસાઈટ પર પ્રસ્તુત કરેલ જાહેરનામાનો અમલ કરવાનો હોય જે જાહેરનામામાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ કરાવ્યેથી ફી રીફંડ કરવા અંગે નીચેના કોષ્ટકના <u>કોલમ નં.૩</u> મુજબ પ્રવેશ ફી કપાતની જોગવાઈઓનો અમલ આગામી શૈક્ષણિક વર્ષની અનુસ્નાતક પ્રવેશ કાર્યવાહીથી કરવા અંગે વિચારણા કરવા બાબત.**

<u>4.2 Remittance and Refund of Fees</u>

4.2.3 If a student chooses to withdraw from the program of study in which he/she is enrolled, the institution concerned shall follow the following foru-tier system for the refund of fees remitted by the student.

| **Sr. No.** | **Point of time when notice of withdrawal of admission is served to HEI** | **<u>યુ.જી.સી. ગાઈડલાઈન મુજબના નિયમો</u>**<br>**Percentage of Refund of Aggregate fees *** | **<u>યુનિવર્સિટીના અનુસ્નાતક પ્રવેશ કેન્સલેશન અંગેના પ્રવર્તમાન નિયમો</u>**<br>**Amount of Deduct / Percentage of deduct of Aggregate fees** |
|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** |
| (1) | 15 days before the formally-notified last date of admission | 100% | **a)** Grant in Aid P.G. Course- Rs. 500/-<br>**b)** Self Finance Programme / Higher Payment Seat- 1,500/- |
| (2) | Not more than 15 days after the formally-notified last date of admission | 80% | **a)** Grant in Aid P.G. Course- Rs. 750/-<br>**b)** Self Finance Programme / Higher Payment Seat- 2,000/- or<br>10% of Aggregate fees, whichever more |
| (3) | More than 15 days but less than 30 days after formally-notified last date of admission | 50% | **a)** Grant in Aid P.G. Course- Rs. 1,000/-<br>**b)** Self Finance Programme / Higher Payment Seat- 3,000/- or<br>20% of Aggregate fees, whichever more |
| (4) | More than 30 days after formally-notified last date of admission | 00% | **a)** Grant in Aid P.G. Course- **00**<br>**b)** Self Finance Programme / Higher Payment Seat- 50% of Aggregate fees. |

*(Inclusive of course fees and non-tution fees but exclusive of caution money and security deposit)

4.2.4 In case of (1) in tha table above, the HEI concerned shall deduct an amount not more than 10% of the aggregate fees as processiong charges from the refundable amount.

4.2.5 Fees shall be refunded by all HEIs to an eligible student within fifteen days from the date of receiving a written application from him/her in this regard.

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એજ્યુકેશન ઓફીસર, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના તા.૯/૧૨/૨૦૧૬ના રોજના પત્રાંકઃ D.O.No.1-3/2007(CPP-II)થી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ ફી પરત કરવા અને અન્ય બાબતો અંગેનું આયોગની વેબસાઈટ પર પ્રસ્તુત કરેલ જાહેરનામાનો અમલ કરવાનો હોય જે જાહેરનામામાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ કરાવ્યેથી ફી રીફંડ કરવા અંગે ઉપરોકત કોષ્ટકના <u>કોલમ નં.૩</u> મુજબ પ્રવેશ ફી કપાતની જોગવાઈઓ સ્વીકારી અમલ કરવો અને ઓર્ડિનન્સ ૧૨૮ તથા અન્ય ઓર્ડિનન્સમાં જરૂરી સુધારા કરવા નીચે મુજબની સમિતિની નિયુકિત કરવી.**

**(૧) આચાર્ય ડૉ. વિ.ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.રાકેશ એન. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આચાર્ય ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ (આચાર્યશ્રી, સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજ ચાર રસ્તા, સુરત.)**

૧૭. સુરત શહેરની કોલેજોમાં બી.બી.એ./બી.સી.એ./બી.કોમ. તથા પ્રથમ વર્ષ બી.એસસી., એમ. એસસી. આઈ. ટી.(પાંચ વર્ષ) તથા બી.આર.એસ.માં કેન્દ્રીય પ્રવેશ સમિતિ ધ્વારા ઓન લાઈન પ્રવેશ થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે ઓન લાઈન પ્રવેશો માટે ગયા વર્ષની સમિતિની નીચે પ્રમાણેની યાદી મુજબ નવી કમિટી નીમવા સિન્ડિકેટમાં વિચારણા કરવા બાબત.

| | **શૈ. વર્ષ ૨૦૧૬–૧૭ની સમિતિનાં સભ્યોનાં નામ** | **શૈ. વર્ષ ૨૦૧૭–૧૮નાં સમિતિનાં સૂચિત નામો** |
|---|---|---|
| (૧) | **પ્રથમ વર્ષ :બી.એસસી. માઈક્રોબાયોલોજી, કોમ્પ્યુટર સાયન્સ અનેએમ.એસસી. : બાયોટેકનોલોજી(પાંચ વર્ષીય)ની મર્જ કરેલ કમિટિ**<br>૧. ડૉ. પ્રિ. અશ્વિનભાઈ પટેલ (કન્વીનર)<br>૨. ડૉ.એન.બી.પટેલ (સહકન્વીનર) અને(ST/SC નાં પ્રતિનિધિ)<br>૩. ડૉ. ઉન્મેશ પંડયા (સભ્યશ્રી)<br>૪. ડૉ. હરેશભાઈ પટેલ (સભ્યશ્રી)<br>૫. ડૉ.પ્રથુલ દેસાઈ (સભ્યશ્રી)<br>૬. ડૉ. ગૌરવ શાહ (સભ્યશ્રી)<br>૭. ડૉ. પુષ્પલ દેસાઈ (સભ્યશ્રી)<br>સમિતિના સભ્યોઃ તમામ આચાર્યશ્રીઓ/ડાયરેકટરશ્રીઓ | **પ્રથમ વર્ષ :બી.એસસી. માઈક્રોબાયોલોજી, કોમ્પ્યુટર સાયન્સ અનેએમ.એસસી. : બાયોટેકનોલોજી(પાંચ વર્ષીય)ની મર્જ કરેલ કમિટિ** |
| (૨) | **પ્રથમ વર્ષ બી.બી.એ., બી.સી.એ. અને બી.કોમ.ની એડમીશન કમિટી – સુરત શહેર**<br>(૧) ડૉ. જે. એમ. નાયક (કન્વીનર)<br>(૨) ડૉ. કે.એન. ચાવડા (સહ કન્વીનર)<br>(૩) ડૉ. સ્નેહલ જોષી (સહકન્વીનર)<br>(૪) પ્રિ. દિલીપ વરસાણી ( સભ્યશ્રી)<br>(૫) પ્રિ. અશોક એમ. દેસાઈ (સભ્યશ્રી)<br>(૬) ડૉ. મધુકર એસ. પાડવી (SC/ ST નાં પ્રતિનિધિ)<br>સમિતિનાં સભ્યો : તમામ આચાર્યશ્રીઓ | **પ્રથમ વર્ષ બી.બી.એ., બી.સી.એ. અને બી.કોમ.ની એડમીશન કમિટી – સુરત શહેર** |
| (૩) | **બી.આર. એસ.**<br>૧. શ્રી ઠાકોરભાઈ ચૌધરી (કન્વીનર)<br>૨. ડૉ. સુધીરભાઈ એસ. જાની (સહ કન્વીનર)<br>૩. શ્રીધર નિમાવત (સભ્યશ્રી)<br>૪. ડૉ. દિપક ભોયે (SC/ ST નાં પ્રતિનિધિ) | **બી.આર. એસ.** |
| (૪) | **એમ.એસસી.(આઈ.ટી.) (પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ કોર્ષ) કેન્દ્રિય પ્રવેશ સમિતિ, સુરત.**<br>૧. ડૉ. સ્નેહલ જોષી (કન્વીનર)<br>૨. ડૉ. પુષ્પલ દેસાઈ, (સહ કન્વીનર)<br>૩. ડૉ. રાકેશ દેસાઈ (ઓબ્ઝરવર)<br>૪. ડૉ. કપીલાબેન મનોજ (SC/ ST નાં પ્રતિનિધિ) | **એમ.એસસી.(આઈ.ટી.) (પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ કોર્ષ) કેન્દ્રિય પ્રવેશ સમિતિ, સુરત.** |

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સુરત શહેરની કોલેજોમાં બી.બી.એ./બી.સી.એ./બી.કોમ. તથા પ્રથમ વર્ષ બી.એસસી., એમ. એસસી. આઈ. ટી.(પાંચ વર્ષ) તથા બી.આર.એસ.માં કેન્દ્રીય પ્રવેશ સમિતિ ધ્વારા ઓન લાઈન પ્રવેશ થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે ઓન લાઈન પ્રવેશો માટે નવી સમિતિ નીમવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૮. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના નીચે જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની જાણ થવા સારું.

| ક્રમ | ટ્રસ્ટનું નામ | કોલેજનું નામ અને સરનામું | શૈક્ષણિક વર્ષ | અભ્યાસક્રમ | સરકારશ્રીના પત્ર ક્રમાંક અને તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | અખિલ ગુજરાત માનવ કલ્યાણ સંસ્થાન, એ–૧૧, ઈલોરા પાર્ક સોસાયટી, જુના હાઈવે નંબર, ૮, ભોલાવ, ભરૂચ. | સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, મણીબા જ્ઞાનદીપ હોસ્પિટલની પાસે, દેસાડ રોડ, મુ.પો.–વાલીયા, જિ.ભરૂચ. | ૨૦૧૬ – ૨૦૧૭ | બી.એસસી. માઈક્રોબાયોલોજી | ક્રમાંક : દગજ / ૨૦૧૫ / ૧૦૧ / ખ.૧ તા. ૨૫ / ૧૧ /૨૦૧૬ |
| ૨. | ન્યુ ઈન્ડિયા એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, પ્લોટ નંબર ૧૦૭, ૪–એશ્રવર્ય–૨, પહેલો માળ, સેકટર–૧૯, ગાંધીનગર. | શ્રી ઓધવરામ ફિઝીયોથેરાપી કોલેજ, મુ.પો. વસરાવી, તા. માંગરોલ, જિ. સુરત. | ૨૦૧૬ – ૨૦૧૭ | ફિઝિયોથેરાપી | ક્રમાંક : દગજ / ૨૦૧૬ / ૩૬૦ / ખ.૧ તા. ૦૬ / ૧૨ /૨૦૧૬ |
| ૩. | મણિલાલ ભાણાભાઈ ગોહિલ એજયુકેશન ટ્રસ્ટ, પો.બો.નંબર ૬૮, મીઠીલા નગરી, રૂસ્તમવાડ રોડ, રમાબેન હોસ્પિટલની પાસે, નવસારી. | મણિલાલ ભાણાભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર, પો.બોકસ નંબર ૬૮, મીઠીલા નગરી, રૂસ્તમવાડ રોડ, રમાબેન હોસ્પિટલની પાસે, નવસારી. | ૨૦૧૬ – ૨૦૧૭ | ફિઝિયોથેરાપી | ક્રમાંક : દગજ / ૨૦૧૬ / ૩૬૧ / ખ.૧ તા. ૦૬ / ૧૨ /૨૦૧૬ |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના ઉપરોકત જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની નોંધ લેવી.**

૧૯. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરીશ્રીના **Constitution of the External Peer Review Committee in term of clause 5.6.1 (d) of UGC Regulations on (Minimum Qualifications for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) 2010** બાબતની તા.૨૦–૧૧–૨૦૧૬ની નોટીસ પત્રાંક: **F.No. 1-2/ 2009 (EC/ PS)**ની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરીશ્રીના Constitution of the External Peer Review Committee in term of clause 5.6.1 (d) of UGC Regulations on (Minimum Qualifications for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) 2010 બાબતની તા.૨૦–૧૧–૨૦૧૬ની નોટીસ પત્રાંક:** F.No. 1-2/ 2009 (EC/ PS)**ની નોંધ લેવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર્યની નિમણૂંક બાબતે રાજય સરકારે વખતોવખત અપનાવેલ ધારા ધોરણો અપનાવવા અને તદ્નુસાર કાર્યવાહી કરવી.**

૨૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં આગામી તા.૩૦–૩૧ જાન્યુઆરી, ૨૦૧૭ અને તા.૦૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ **NAAC** કમિટી મુલાકાતે આવનાર હોઈ, તે સંદર્ભે આનુસાંગિક કાર્યક્રમ અને અન્ય કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(આઈ.કયુ.એ.સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં આગામી તા.૩૦–૩૧ જાન્યુઆરી, ૨૦૧૭ અને તા.૦૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ NAAC કમિટી મુલાકાતે આવનાર હોઈ, તે સંદર્ભે આનુષાંગિક કાર્યક્રમ અને અન્ય કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, દરેક વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલ મિશન અને વિઝન સ્ટેટમેન્ટ મંજૂર કરવામાં આવે છે.**

૨૧. યુનિવર્સિટી ખાતે કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ માર્ગદર્શન કેન્દ્રની તા.૨૨/૧૨/૨૦૧૬ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(મનોવૈજ્ઞાનિક સલાહ માર્ગદર્શન કેન્દ્ર)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ માર્ગદર્શન કેન્દ્રની તા.૨૨/૧૨/૨૦૧૬ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવી.**

૨૨. યુનિવર્સિટી ખાતે કાર્યરત કેરીયર કાઉન્સેલીગ સેલની તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(કેરીયર કાઉન્સેલીગ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કાર્યરત કેરીયર કાઉન્સેલીંગ સેલની તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવી.**

૨૩. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોને ગ્રેડેશન આપવા બાબતે સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, નિયુકત સમિતિની સભા સોમવાર, તા.૧૯–૧૨–૨૦૧૬ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે રૂમ નંબરઃ ૨૦૫ માં મળેલ સભાની કાર્યવાહી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોને ગ્રેડેશન આપવા બાબતે સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, નિયુકત સમિતિની સભા સોમવાર, તા.૧૯–૧૨–૨૦૧૬ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે રૂમ નંબરઃ ૨૦૫ માં મળેલ સભાની કાર્યવાહીનો પરિશિષ્ટઃ '' ખ ''માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકારી મંજૂરી આપવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, હાલ આ અહેવાલનો ઉપયોગ જોડાણના હેતુઓ માટે કરવો.**

**(નોંધ : પ્રસ્તુત બાબત અંગે ડૉ.રાકેશ એન. દેસાઈ અને શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ વાંધો નોંધાવેલ છે.)**

**(પરિશિષ્ટઃ'' ખ '')**

## <u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>

૨૪. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામુ, સચિવાલય, ગાંધીનગર ૧૪ મી ડીસેમ્બર, ૨૦૧૬ના ક્રમાંકઃગસ-૨૦૧૬-૫૧-જસર-૧૦૨૦૧૬-૯૭૭-ઘ, ભાગ-૧માં સને-૨૦૧૭ના વર્ષ દરમ્યાન રાજય સરકારશ્રીની કચેરીઓ માટે જાહેર રજા તરીકે **(Public Holidays)** જાહેર કરેલ છે. તેમજ ભાગ-૨માં સને-૨૦૧૭ના વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ **(Public Holidays)** અને મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને લાગુ પાડવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત......

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામુ, સચિવાલય, ગાંધીનગર ૧૪ મી ડીસેમ્બર, ૨૦૧૬ના ક્રમાંકઃગસ-૨૦૧૬-૫૧-જસર-૧૦૨૦૧૬-૯૭૭-ઘ, ભાગ-૧માં સને-૨૦૧૭ના વર્ષ દરમ્યાન રાજય સરકારશ્રીની કચેરીઓ માટે જાહેર રજા તરીકે **(Public Holidays)** જાહેર કરેલ છે. તેમજ ભાગ-૨માં સને-૨૦૧૭ના વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ **(Public Holidays)** અને મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને લાગુ પાડવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ **લેવી.**

**૨૫.** આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીનાં તા.૦૫–૧૨–૨૦૧૬નાં પત્રાંક SCET/AR/Ext/Out/16/12/160નાં પત્ર ધ્વારા B.ARCH. I to V/M.Arch. I & II (even semester) ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટેની **<u>આર્કિટેકચર વિદ્યાશાખાની</u>** નીચે પ્રમાણેની સત્ર વ્યવસ્થા મા. કુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સિન્ડિકેટવતી માનનીય કુલપતિશ્રી ધ્વારા મંજૂર કર્યાનાં પગલાની નોંધ લેવા બાબત.

**TERM SCHEDULE FOR,**

**B. ARCH. I to V / M. ARCH. I & II**

**FOR THE ACADEMIC YEAR 2016 - 2017**

| |
|---|
| **Opening of the Term (Even Semester) : 12-12-2016** |
| **Teaching :** 12-12-2016 to 15-04-2017 **(18 Weeks)**<br><br>**Preparatory Leave :** 16-04-2017 to 29-04-2017 **(2 Weeks)**<br><br>**University / External Exams :** 30-04-2017 to 20-05-2017 **(3 Weeks)** |
| **Faculty Vacation :**<br>16-04-2017 to 29-04-2017 **(2 Weeks)**<br>22-05-2017 to 09-06-2017 **(3 Weeks)** |
| Opening of the New Semester (Odd Semesters) : 12-06-2017 |

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીનાં તા.૦૫–૧૨–૨૦૧૬નાં પત્રાંક** SCET/AR/Ext/Out/16/12/160**નાં પત્ર ધ્વારા** B.ARCH. I to V/M.Arch. I & II (even semester)**ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટેની <u>આર્કિટેકચર વિદ્યાશાખાની</u> ઉપરોકત પ્રમાણેની સત્ર વ્યવસ્થા મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સિન્ડિકેટવતી માનનીય કુલપતિશ્રી ધ્વારા મંજૂર કર્યાનાં પગલાની નોંધ લેવી.**

૨૬. સિન્ડિકેટ તા.૨–૯–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ૯૩ને અનુસંધાને M.B.B.S.ના વિદ્યાર્થીઓ સિધ્ધાર્થ અશ્વિન પારેખ તથા હેમલ ઈશ્વરભાઈ પટેલને તા.૨૩–૧૧–૨૦૧૬ના રોજ કારણ દર્શક નોટીસ આપવામાં આવી હતી.

સદર નોટીસને અનુસંધાને વિદ્યાર્થીઓએ આપેલ લેખીત જવાબો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સિદ્ધાર્થ પારેખ તથા શ્રી હેમલ પટેલના તેમને આપવામાં આવેલ કારણદર્શક નોટીસના સંદર્ભમાં તેમના ખુલાસાઓમાંથી જે જે બાબતોમાં ફોરેન્સિક વેરીફીકેશનની જરૂર જણાય તેવી તમામ બાબતોએ ખાનગી રાહે ફોરેન્સિક રીપોર્ટ મેળવવા માટેની આગળની કાર્યવાહી કરવી.**

૨૭. યુનિવર્સિટી સંલગ્ન સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર), સુરતનાં ડીનશ્રીનાં તા.૩૧/૧૨/૨૦૧૬નાં નં.સ્મીમેર/૩૫૭૭નાં બિડાણ સહિતનાં પત્રથી સદર કોલેજમાં તા.૦૨/૦૯/ ૨૦૧૪નાં રોજ OBSTETRICS & GYNECOLOGY વિષયનાં આસીસ્ટન્ટ પ્રોફેસરનાં થયેલ વોક–ઈન–ઈન્ટરવ્યુમાં પ્રતિક્ષાયાદીમાં પસંદગી પામેલ ઉમેદવાર ર્ડા.ક્રિના કૃણાલ કઠવાડિયાને બહાલી આપવા સંસ્થાએ કરેલ ભલામણ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

<u>નોંધ</u> :–

(૧) ઉપરોકત કોલેજમાં OBSTETRICS & GYNECOLOGY વિષયમાં અત્રેથી તા.૧૯/૧૦/૨૦૧૫નાં ક્રમાંકઃ એસ(૧)/(માન્યતા–૭૮)/૧૬૦૮૪/૨૦૧૫નાં પત્રથી, પસંદગી સમિતિ દ્વારા સદર વિષયમાં પ્રતિક્ષાયાદીમાં પસંદગી પામેલ ઉમેદવાર ક્રમાંકઃ (૧) ર્ડા. સિંધુ પ્રીતિ ભુપસિંઘ (Waiting-1) ને અને ઉમેદવાર ક્રમાંકઃ (૨) ર્ડા.દિપાલી શરદ સિવાસને (Waiting-2) ને બહાલી આપેલ છે.

(૨) સિન્ડિકેટ તા.૧૬–૧૨–૨૦૦૪નાં ઠરાવ ક્રમાંકઃ ૭ ની નકલ.

(૩) અત્રેની તા.૧૩–૧૧–૨૦૦૬ની કાર્યાલયનોંધ પર મળેલ આદેશની નકલ.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત WITHDRAW કરવી.**

૨૮. યુનિવર્સિટી સંલગ્ન ઈકરા કોમર્સ કોલેજ, ભરૂચમાં એકાઉન્ટ વિષયનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા **પારેખ મિત્તલ નિલેશકુમાર**નાં તા.૧૫/૧૨/૨૦૧૬નાં બિડાણ સહિતનાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ :–

(૧) **શ્રીમતી પરેખ મિત્તલ નિલેશને** અત્રેનાં તા.૦૬–૦૬–૨૦૧૬નાં ક્રમાંકઃએસ(૧)/ માન્યતા –૨૬૦)/ ૮૪૪૩/૨૦૧૬થી એકાઉન્ટ વિષયનાં પૂર્ણ સમયનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે બહાલી આપવામાં આવેલ છે.

(૨) અત્રેનાં તા.૧૫/૧૦/૨૦૧૬નાં ક્રમાંકઃ એસ(૧)/૧૮૩૭૨/૨૦૧૬ પત્રથી તેણીનું જુનુ નામ **સોની મિત્તલ દિનેશકુમાર**ની જગ્યા નવુ નામ **શ્રીમતી પારેખ મિત્તલ નિલેશ** થયેલ હોઈ, જેની નોંધ લેવામાં આવી છે.

(૩) **શ્રીમતી પરેખ મિત્તલ નિલેશે** ઈકરા કોમર્સ કોલેજ, દહેગામ, દહેજ રોડ, ભરૂચમાં સ્વેચ્છાએ માનદ્ શિક્ષણ સેવા આપવા અંગેનું સોગંદનામુ કરેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત WITHDRAW કરવી.**

૨૯. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭ માટે પીએચ.ડી. અને એમ.ફીલ સંશોધન શિષ્યવૃતિ માટે નોંધાયેલા સંશોધનાર્થીને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા સમિતિની રચના કરવા માટે વિચારણા કરવા અંગે.

નોંધ : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫–૧૬ માં સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૨૬ અન્વયે પ્રસ્તુત સમિતિ પર નીચેના સભ્યો હતા.

| | |
|---|---|
| (૧) આ.ડૉ.જે.એમ.નાયક(વલસાડ) | (૨) ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ |
| (૩) ડૉ.ગૌરાંગભાઈ રામી | (૪) ડૉ.રાજેન્દ્ર બી. પટેલ |
| (૫) ડૉ.સતીષભાઈ પટેલ | (૬) ડૉ.કે.સી.પોરીયા |
| (૭) ડૉ.જગદીશભાઈ એમ. ગુર્જર | (૮) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭ માટે પીએચ.ડી. અને એમ.ફીલ સંશોધન શિષ્યવૃતિ માટે નોંધાયેલા સંશોધનાર્થીને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૦. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭ માટે અનુસ્નાતક અભ્યાસના વિદ્યાર્થીઓને મેરીટ કમ મિન્સ શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય તથા ડોનર્સ શિષ્યવૃતિ એનાયત કરવા સમિતિની રચના કરવા માટે વિચારણા કરવા અંગે

**નોંધ :** શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫–૧૬ માં સિન્ડિકેટની તા. ૨૯–૨–૨૦૧૬ ની બાબત ક્રમાંક : ૨૫ અન્વયે પ્રસ્તુત સમિતિ પર નીચેના સભ્યો હતા.

(૧)ર્ડા.કે.સી.પટેલ
(૨) ર્ડા.એન.બી.પટેલ
(૩)ર્ડા.જયંતીભાઈ ચૌધરી
(૪) ર્ડા.જગદીશભાઈ ગુર્જર
(૫) આ.ર્ડા.ઈશ્વરભાઈ એમ.પટેલ(ઓલપાડ)
(૬)ર્ડા.વિનોદભાઈ પટેલ(ડી.બી.આઈ.એમ.)
(૭) ર્ડા.રાકેશભાઈ એન.દેસાઈ
(૮) ર્ડા.એસ.શ્રીનિવાસ રાવ
(૯) ર્ડા.રેણુકાબેન ગર્ગ

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭ માટે અનુસ્નાતક અભ્યાસના વિદ્યાર્થીઓને મેરીટ કમ મિન્સ શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય તથા ડોનર્સ શિષ્યવૃતિ એનાયત કરવા ઉપરોક્ત મુજબની સમિતિની રચના કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૧. યુનિવર્સિટી ખાતે નવનિર્મિત IAS/IPS તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિની તા.૦૬/૦૧/૨૦૧૭ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે નવનિર્મિત IAS/IPS તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિની તા.૦૬/૦૧/૨૦૧૭ના રોજ મળેલ સલાહકાર સમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવી.**

૩૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બેચલર ઓફ આર્કિટેકચર સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂંકના સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પુરો થતો હોઈ તેઓને નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| No | Name of the Teacher | Designation | LWP | Joining Date | Confirmation Date |
|---|---|---|---|---|---|
| 1 | Shivarao R.Channapattan | Associate Professor | ---- | 01-01-2015 | 01-01-2017 |
| 2 | Karishma M. Desai | Associate Professor | 5 Days | 01-01-2015 | 06-01-2017 |
| 3 | Harsh M. Patel | Assistant Professor | 7 Days | 01-01-2015 | 09-01-2017 (08-01-2017-Sunday) |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બેચલર ઓફ આર્કિટેકચર સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ફરજ બજાવતાં ઉપરોકત દર્શાવેલ શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂંકના સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પુરો થતો હોઈ તેઓને નોકરીમાં કાયમ કરવા.**

૩૩. યુનિવર્સિટીના વિવિધ વિભાગોના બિન કાર્યરત કોમ્પ્યુટરો / અન્ય સાધન સામગ્રીનો નિકાલ કરવા અંગે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નિયુકત સમિતિએ તા.૧૬/૦૧/૨૦૧૭થી રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના બિન કાર્યરત કોમ્પ્યુટરો / અન્ય સાધન સામગ્રીનો નિકાલ કરવા અંગે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નિયુકત સમિતિએ તા.૧૬/૦૧/૨૦૧૭થી રજૂ કરેલ અહેવાલ સ્વીકારી તદ્નુસાર કાર્યવાહી કરવી.**

૩૪. સને ૨૦૧૬-૧૭ના વર્ષની અખીલ ભારતીય ઇન્ટર યુનિવર્સિટી એથ્લેટીકસ ટુનામેન્ટ અન્ના યુનિવર્સિટી, ચેન્નાઇના નેજા હેઠળ કોઇમ્બતુર મુકામે યોજાઇ હતી. આપણી યુનિવર્સિટીની ખેલાડી કુ. સરિતા ગાયકવાડે ૪૦૦ મીટર રનમાં સને ૨૦૧૪-૧૫મા બ્રોન્ઝ મેડલ, ૨૦૧૫-૧૬ના વર્ષમાં સિલ્વર મેડલ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગોલ્ડ મેડલ અને ૪૦૦ મીટર હર્ડલ્સની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ઇતિહાસ રચયો છે. તેમજ સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તરણ (ભાઇઓ)ની ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં જે. પી. દાવર ઇન્સ્ટીટયૂટ ઓફ ઇન્ફોરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી ના હોનહાર વિદ્યાર્થી શ્રી રાજ ભાનવાડીયાએ ૪૦૦ અને ૮૦૦ મીટર ફ્રી સ્ટાઇલ તરણ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ, ૨૦૦ મીટર મિડલે રેઇસમાં સિલ્વર મેડલ અને ૨૦૦ મીટર બેક સ્ટોકમાં બ્રોન્ઝ મેદલ પ્રાપ્ત કરી ઇતિહાસ રચયો. જેથી કુ. સરિતા ગાયકવાડ અને શ્રી રાજ ભાનવાડીયાને પ્રોત્સાહન રૂપે નાણાં ચુકવવા અંગે વિચારણા કરવા બાબત..

નોંધ : સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ચીનમાં રમાયેલ વર્લ્ડ યુનિવર્સિટી બેડ્મિન્ટન (બહેનો)ની સ્પર્ધામાં ભાગ લેનાર કુ. વૈશાલી બારીયા અને કુ. પ્રિયાના પટેલને પ્રોત્સાહન રૂપે રૂા. ૧,૦૦,૦૦૦/- આપવામાં આવ્યાં હતા.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૬-૧૭ના વર્ષની અખીલ ભારતીય ઇન્ટર યુનિવર્સિટી એથ્લેટીકસ ટુનામેન્ટ અન્ના યુનિવર્સિટી, ચેન્નાઇના નેજા હેઠળ કોઇમ્બતુર મુકામે યોજાઇ હતી. આપણી યુનિવર્સિટીની ખેલાડી કુ. સરિતા ગાયકવાડે ૪૦૦ મીટર રનમાં સને ૨૦૧૪-૧૫મા બ્રોન્ઝ મેડલ, ૨૦૧૫-૧૬ના વર્ષમાં સિલ્વર મેડલ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગોલ્ડ મેડલ અને ૪૦૦ મીટર હર્ડલ્સની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ઇતિહાસ રચયો છે. તેમજ સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તરણ (ભાઇઓ)ની ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં જે. પી. દાવર ઇન્સ્ટીટયૂટ ઓફ ઇન્ફોરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી ના હોનહાર વિદ્યાર્થી શ્રી રાજ ભાનવાડીયાએ ૪૦૦ અને ૮૦૦ મીટર ફ્રી સ્ટાઇલ તરણ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ, ૨૦૦ મીટર મિડલે રેઇસમાં સિલ્વર મેડલ અને ૨૦૦ મીટર બેક સ્ટોકમાં બ્રોન્ઝ મેદલ પ્રાપ્ત કરી ઇતિહાસ રચયો. જેથી કુ. સરિતા ગાયકવાડ અને શ્રી રાજ ભાનવાડીયાને પ્રોત્સાહન રૂપે દરેકને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) આપવા.**

૩૫. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના જુના નકામા બિન વપરાશ ડેડસ્ટોકના સાધનો Writing off કરવા અંગે પત્રાંકઃબાયોસાયન્સ/૬૦૭૦/૨૦૧૬, તા.૨૦/૧૨/૨૦૧૬ થી રજૂ કરેલ સમિતિના અહેવાલ મુજબ સાધનનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના જુના નકામા બિન વપરાશ ડેડસ્ટોકના સાધનો Writing off કરવા અંગે પત્રાંકઃ બાયોસાયન્સ/૬૦૭૦/ ૨૦૧૬, તા.૨૦/૧૨/૨૦૧૬થી રજૂ કરેલ સમિતિના અહેવાલ મુજબ સાધનનો નિકાલ કરવા અંગેના સમિતિના અહેવાલનો સ્વીકાર કરવો.**

૩૬. યુનિવર્સિટીના એકવેટીક બાયોલોજી વિભાગના જુના નકામા બિન વપરાશ ડેડસ્ટોકના સાધનો Writing off કરવા અંગે પત્રાંકઃએકવે બાયો./સ્ટોર્સ/૧૨/૩૬૨/૨૦૧૭, તા.૧૩/૦૧/૨૦૧૭થી રજૂ કરેલ સમિતિના અહેવાલ મુજબ સાધનનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એકવેટીક બાયોલોજી વિભાગના જુના નકામા બિન વપરાશ ડેડસ્ટોકના સાધનો Writing off કરવા અંગે પત્રાંકઃએકવે બાયો./સ્ટોર્સ/ ૧૨/૩૬૨/૨૦૧૭, તા.૧૩/૦૧/૨૦૧૭થી રજૂ કરેલ સમિતિના અહેવાલ મુજબ સાધનનો નિકાલ કરવા અંગે સમિતિના અહેવાલનો સ્વીકાર કરવો.**

૩૭. ડો. જસપાલ એસ. સંન્ધુ, સચીવશ્રી UGC નવી દિલ્હીનો આ સાથે સામેલ પત્ર ક્રમાંકઃ D.O. NO. F.12-1/2015 (CPP-11) તા.૧૫–૧૦–૨૦૧૫થી મોકલેલ "Guidelines on Determination of a Uniform span Period within wich a student may be allowed to Qualify for Degree" અંગે વિચારણા કરતાં એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૪– ૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓનો (Opinion) અભિપ્રાય લેવા ઠરાવેલ છે. સદર ઠરાવને અનુસંધાને આપેલ ડીનશ્રીઓનાં અભિપ્રાય પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૮–૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ૫૬ થી કરેલ ભલામણ પર વિચારણા કરતાં સિન્ડિકેટ તા.૧૮–૧૦–૨૦૧૬નાં ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓને આ બાબતે પૂછાવવા ઠરાવવામાં આવ્યુ હતું. સદર ઠરાવને અનુસંધાને ગુજરાતની તમામ યુનિવર્સિટીઓને પત્ર તથા સ્મૃતિપત્ર લખી માહિતી મંગાવેલ જે પૈકી ચાર (૪) યુનિવર્સિટીઓની માહિતી આવેલ છે. જે અવલોકને લઈ સદર બાબતે વિચારણા કરવા બાબત......

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૪–૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ ૩૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે પત્રની નોંધ લઈ તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓનો (Opinion) અભિપ્રાય લેવો.

૧. ડીનશ્રી આર્ટસ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમ પ્રમાણે કરવું જોઈએ.

૨. ડીનશ્રી કોમર્સ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમ પ્રમાણે કરવું જોઈએ.

૩. ડીનશ્રી સાયન્સ ફેકલ્ટીનો અભિપ્રાય
According to UGC Guidelines

$P ડીનશ્રી એજ્યુકેશન ફેકલ્ટીનો અભિપ્રાય
યુનિવર્સિટીનાં તા. ૨૮–૪–૨૦૧૬નાં પત્રમાં અનુસંધાનમાં સાથે રજૂ કરેલ UGC નાં પત્રનાં સંદર્ભે મારો અભિપ્રાય નીચે પ્રમાણે છે.
UGCનાં નિર્દેશ અનુસાર એમણે જે પેટર્ન દર્શાવી છે એ પ્રમાણે પુખ્ત વિચારણા બાદ આવશ્ય ફેકફાર કરવા જરૂરી બની શકે.

૫. ડીનશ્રી મેડીસીન ફેકલ્ટીનો અભિપ્રાય
મેડીકલ ફેકલ્ટી મેડીકલ કોર્ષનો અભ્યાસક્રમ અને મુદ્દત MCI મુજબ કરવાની થતી CMI MCI નાં નિયમ મુજબ રાખવા ભલામણ છે.

૬. ડીનશ્રી રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીનો અભિપ્રાય
UGC નાં નિયમોને ધ્યાનમાં રાખી ટર્મ આપવી.

૭. ડીનશ્રી કાનૂન ફેકલ્ટીનો અભિપ્રાય

UGC Guidelines on Determination of a Uniform Span Period within which a student may be allowed to qualify for a Degree ને ધ્યાનમાં લેતા LL.B. Programme પુરો કરવા માટે normal minimum period ત્રણ વર્ષ છે અને LL.M. Programme પૂર્ણ કરવા માટે normal minimum period બે વર્ષ છે.

Resolution: As per the UGC Guidelines on Determination of a Uniform Span Period within which a Student may be allowed to qualify for LL.B. and LL.M. Degree shall be as under.

A Student who is for whatever reasons is not able to complete his LL.B. or LL.M. Programme as the case may be within normal period of 3 years or 2 years respectively, may be allowed 3 years and 2 years respectively beyond the normal period to clear the backlog to be qualified for LL.B. of LL.M. Degree respectively.

Time Span for LL.B. Programme = 3 years + 3 years for completion of Programme.

Time span for LL.B. Programme 2 years + 2 years for completion of LL.M. Programme.

Further During the extended period the student shall be considered as a private candidate and shall not be eligible for ranking

Ordinarily no student shall be given time beyond the extended period of 3 (Three) years for LL.B. Programme and 2 (Two) Years for LL.M. Programme. In Exceptional circumstance and on basis of merits of each case the University may allow a student one more year for Completion of the LL.B. of LL.M. Programme as the case may be.

The Above resolution of the Joint Meeting shall be subject to modification in case the University adopts a common policy for all faculties with regard to determination of uniform span period to qualify for UG of PG degree awarded under respective faculties.

ઉપર મુજબનો ઠરાવ તા. ૭–૫–૨૦૧૬ ની સંયુક્ત સભામાં કરવામાં આવેલ છે, જે યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં નક્કી થનાર સામાન્ય નીતીને આધીન રહેશે.

<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૮–૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ ૫૬</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, ગનહ ની ગાઈડલાઈનનો સ્વીકાર કરવો અને તેનો અમલ દરેક પ્રોગ્રામમાં વર્ષ ૨૦૧૬–૧૭માં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓથી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટ તા. ૧૮–૧૦–૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ ૧૫</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓને આ બાબતે પૂછાવવું .

(પરીક્ષા)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત મુલતવી રાખી હવે પછીની સિન્ડિકેટ સભામાં રજૂ કરવી.**

૩૮. તા.૧૯–૦૧–૨૦૧૭ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૯ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૯–૦૧–૨૦૧૭ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૯નો પરિશિષ્ટ:" ગ "માં દર્શાવ્યા મુજબ થાવત સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ:" ગ ")**

૩૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડેમી ભવનવાળા કમ્પાઉન્ડમાં ખાલી રહેલ જગ્યાને ડેવલપ કરી પાર્ટી પ્લોટ તરીકે વિકસાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડેમી ભવનવાળા કમ્પાઉન્ડમાં ખાલી રહેલ જગ્યાને ડેવલપ કરી પાર્ટી પ્લોટને વિકસાવવા સૈદ્ધાંતિક મંજૂરી આપવી.**

૪૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે છઠ્ઠા પગારપંચ અંતગર્ત નિવૃત્તિ/ રાજીનામુ/ અવસાનથી ખાલી પડેલ જગ્યાઓ સંદર્ભે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક .: દગય/૧૩૧૧/૧૫૭૬/ખ-૨ તા. ૧૯-૧૧-૨૦૧૬ અન્વયે તા.૦૬/૧૨/૨૦૧૬ સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ અંતગર્ત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીની ભરતી કરવા અંગે અનામત નીતી અંગે નિયુકત સમિતિની તા. ૦૨/૦૧/૨૦૧૭ની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે છઠ્ઠા પગારપંચ અંતગર્ત નિવૃત્તિ/ રાજીનામુ/ અવસાનથી ખાલી પડેલ જગ્યાઓ સંદર્ભે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક .:** દગય/૧૩૧૧/૧૫૭૬/ખ-૨ તા.૧૯-૧૧-૨૦૧૬ **અન્વયે તા.૦૬/૧૨ /૨૦૧૬ સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક:૧૫ અંતગર્ત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીની ભરતી કરવા અંગે અનામત નીતી અંગે નિયુકત સમિતિની તા.૦૨/૦૧/** ૨૦૧૭ની કાર્યવાહી **પરિશિષ્ટ:" ઘ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ:" ઘ ")**

**૪૧.** શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/૧૫૭૬/ખ-૨, તા.૧૯/૧૧/૨૦૧૬ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની છઠ્ઠા પગાર પંચ અંતર્ગત નિવૃત્તિ / રાજીનામાં / અવસાનથી ખાલી પડેલ બિન શૈક્ષણિક જગ્યાઓ પૈકી વિવિધ કેડરની કુલ-૧૫ (પંદર) બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા આપવામાં આવેલ મંજૂરી અંતર્ગત બિન શૈક્ષણિક જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો / ભરતી નિયમો (Recruitment Rules) નિયત કરવા અંગે યુનિવર્સિટી સિન્ડિકેટની તા.૧૦/૧૧/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ થી નિયુક્ત સમિતિએ તા.૧૯/૧૨/૨૦૧૬ ની રજુ કરેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(<u>નોંધ</u> : શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/૧૫૭૬/ખ-૨, તા.૧૯/૧૧/૨૦૧૬ના ઠરાવમાં જણાવેલ ક્રમ-(૨) થી (૫) સુધીની જગ્યાઓ નાણાં વિભાગના તા.૧૨/૭/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)ઝ-૧ મુજબ પ્રવર્તમાન નિયમો મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી ભરવા જણાવેલ હોય, જે સંલગ્ન ઠરાવોને આધારે ઉપરોક્ત સમિતિએ તા.૧૯/૧૨/૨૦૧૬ ની કાર્યવાહી રજુ કરેલ છે પરંતુ નાણાં વિભાગ, ગાંધીનગરના તા.૧૮/૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ થી રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબતના ઠરાવથી સુધારા થયેલ છે).

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/ ૧૫૭૬/ ખ-૨, તા.૧૯/૧૧/૨૦૧૬ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની છઠ્ઠા પગાર પંચ અંતર્ગત નિવૃત્તિ / રાજીનામાં / અવસાનથી ખાલી પડેલ બિન શૈક્ષણિક જગ્યાઓ પૈકી વિવિધ કેડરની કુલ-૧૫ (પંદર) બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા આપવામાં આવેલ મંજૂરી અંતર્ગત બિન શૈક્ષણિક** જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો / ભરતી નિયમો (**Recruitment Rules**) નિયત કરવા અંગે યુનિવર્સિટી સિન્ડિકેટની તા.૧૦/૧૧/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ થી નિયુક્ત સમિતિએ તા.૧૯/૧૨/૨૦૧૬ની રજુ કરેલ કાર્યવાહી **પરિશિષ્ટઃ" ચ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટઃ" ચ ")**

૪૨. ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧, તા.૧૮/૧/૨૦૧૭ 'રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબત' થી કરવામાં આવેલ જોગવાઇઓનો (તા.૧૬/૨/૨૦૦૬ ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે) યુનિવર્સિટી ખાતે લાગુ પાડી તેનો અમલ કરવા તેમજ તેને આનુષાંગિક ઘટીત કાર્યવાહી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ :(૧) નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧, તા.૧૮/૧/૨૦૧૭ ની નકલ અને નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨/૫૭//ઝ-૧, તા.૧૬/૨/૨૦૦૬ ની નકલ.

(૨) યુનિવર્સિટી કાર્યાલય ખાતે નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના ઠરાવથી નિયત નીતિ અંતર્ગત વર્ષ-૨૦૦૬, વર્ષ-૨૦૦૮માં વર્ગ-૩ માં ૦૧ (એક) ઓડીટર, કુલ-૩૨ (બત્રીસ) જુ.કલાર્ક /ટાઇપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક), ૦૧ (એક) જુનિયર લાયબ્રેરી આસિસ્ટન્ટની નિમણૂંક થયેલ છે. જેઓની પાંચ વર્ષીય કરાર આધારીત નિમણૂંક પુરી થતા તેઓને જે તે જગાના નિયમિત પગારધોરણમાં કાયમી ધોરણે નિમણૂંક આપવામાં આવેલ છે. વધુમાં સદરહુ નીતિ અંતર્ગત વર્ષ-૨૦૧૩ થી ૦૧ (એક) મદદનીશ હિસાબનીશ અને ૦૧ (એક) જુનિયર લાયબ્રેરી આસિસ્ટન્ટ પાંચ વર્ષીય કરાર આધારીત ફીક્સ પગારથી ફરજ બજાવી રહેલ છે.)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧, તા.૧૮/૧/૨૦૧૭ 'રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબત' થી કરવામાં આવેલ જોગવાઇઓનો (તા.૧૬/૨/૨૦૦૬ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે) યુનિવર્સિટી ખાતે લાગુ પાડી તેનો અમલ કરવો.**

૪૩. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૯–૧૨–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૬/,૧૮ / ખ–૧ થી યુનિવર્સિટી તરફથી કોલેજ / અભ્યાસક્રમની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી / ચાલુ જોડાણ / નવા જોડાણની દરખાસ્ત વિભાગને મોકલતાં પહેલા સંલગ્ન કોલેજની આસપાસના વિસ્તારમાં તથા યુનિવર્સિટીમાં સબંધિત અભ્યાસક્રમની કેટલી સીટો મંજૂર થયેલ છે અને તેમાંથી કેટલી સીટો ભરાયેલ છે તેવી માહિતીની સ્પષ્ટતા સાથે જ દરખાસ્ત કરવાની રહેશે એમ જણાવેલ હોઈ, જેની જાણ સારું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૯–૧૨–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૬/,૧૮/ ખ–૧થી યુનિવર્સિટી તરફથી કોલેજ / અભ્યાસક્રમની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી / ચાલુ જોડાણ / નવા જોડાણની દરખાસ્ત વિભાગને મોકલતાં પહેલા સંલગ્ન કોલેજની આસપાસના વિસ્તારમાં તથા યુનિવર્સિટીમાં સબંધિત અભ્યાસક્રમની કેટલી સીટો મંજૂર થયેલ છે અને તેમાંથી કેટલી સીટો ભરાયેલ છે તેવી માહિતીની સ્પષ્તા સાથે જ દરખાસ્ત કરવાની રહેશે એમ જણાવેલ હોઈ, જેની નોંધ લેવી તથા વર્ષઃ ૨૦૧૭–૧૮ માટે આવેલ નવી કોલેજોની અરજી સંદર્ભે NEED સમિતિ બનાવવી અને જે તે ફેકલ્ટીના ડીનશ્રીના વડપણ હેઠળ સમિતિની રચના કરવી અને સમિતિની રચના કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૪૪. તા.૧૮–૦૧–૨૦૧૭ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૩ થી ૫, ૮, ૯, ૧૨ થી ૧૪ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત..

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૮–૦૧–૨૦૧૭ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૩ થી ૫, ૮, ૯, ૧૨ થી ૧૪ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણને પરિશિષ્ટઃ " છ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટઃ" છ ")**

**અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.

ક્રમાંક : એસ–૧ (૧)/૧૧૫૪/૨૦૧૭ **ઈન્ચાર્જ કુલસચિવ**

તા.૨૯–૧–૨૦૧૭

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**